# Press Report of News Paper on Cadaver Organ Donation from Surat



## Cadaver Organ Donor

# Lt. Sadashiv Rajaram Bhoi

## He Donated: Kidneys & Liver

## Date:- 30/08/2018

DONATE LIFE™
an initiative for organ donation

# દાણા-ચણાની લારી ચલાવતા ભોઇ સમાજના બ્રેઇન ડેડ આધેડનું અંગદાન કરાયું

## સદાશિવ ભોઇ પથ્થરબાજીમાં ઘાયલ થયા હતા : પરિવારે અંગદાન થકી ત્રણ વ્યક્તિને નવજીવન આપી માનવતાની મહેક પ્રસારી સમાજને નવી દિશા બતાવી

**સુરત તા. ૩૦**

મૂળ જલગાંવના નસીરાબાદના અને હાલ ૧૯૮- માધવ નગર-૩, સાંઇ મંદિર પાસે, ડીંડોલી રોડ ખાતે રહેતા અને રામેપાર્ક શાકભાજી માર્કેટ પાસે દાણા-ચણાની લારી ચલાવતા સદાશિવભાઇ રાજારામ ભોઇ (ઉ. વ. ૫૦) બ્રેઇન ડેડ થતા પરિવારે તેમના અંગદાન થકી ત્રણ વ્યક્તિને નવજીવન આપી માનવતાની મહેક પ્રસારી સમાજને નવી દિશા બતાવી હતી.



સદાશિવભાઇ રામેપાર્ક શાકભાજી માર્કેટમાં રવિવાર તા.૨૬ ઓગસ્ટે રાત્રે ૧૦:૩૦ કલાકે લારી લઇ ઉભા હતા ત્યારે નજીકમાં છોકરાઓ વચ્ચે પથ્થરબાજી થતા એક પથ્થર સદાશિવભાઇને માથામાં તેઓ બેભાન થઇ ગયા હતા. તેમને ડીંડોલી નવાગામમાં આવેલી બાબા મેમોરિયલ હોસ્પીટલમાં દાખલ કરાતા સિટી-સ્કેનમાં બ્રેઇન હેમરેજનું નિદાન થયું હતું. વધુ સારવારમાં માટે ૨૭મીએ બપોરે તેમને એપલ હોસ્પીટલમાં અને ત્યાંથી ૨૮મીએ સાંજે નવી સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા જ્યાં ૨૯મીએ તેમને બ્રેઇન ડેડ જાહેર કરાયા હતા.

આ અંગેની માહિતી ડોનેટ લાઇફના પ્રમુખ નીલેશ માંડલેવાલાને મળતા તમણે સદાશિવભાઇના પત્ની ઇન્દુબેન, પુત્રો સુરેશ અને પ્રકાશ, જમાઇ દશરથ, ભાઇ ગોમાભાઇ અને ભુદાખભાઇ, સાળાપંડિતભાઇ તેમજ પરિવારના અન્ય સભ્યોને ઓર્ગન ડોનેશનની જાણકારી આપતા પરિવારે અંગદાનની સંમતિ આપી હતી.

દાનમાં મેળવવામાં આવેલી એક કિડની નડિયાદની અલ્કા પ્રદીપકુમાર શાહ (ઉ. વ. ૫૫) અને બીજી કિડની અમદાવાદના જયા સુરેશભાઇ વાઘેલા (ઉ. વ. ૩૪)માં જયારે લિવરનું ટ્રાન્સપ્લાન્ટ અમદાવાદના સંદીપ જયંતીભાઇ પટેલ (ઉ. વ. ૩૪)માં અમદાવાદ ખાતે ડૉ. પ્રાંજલ મોદી, ડૉ. જમાલ રીઝવી અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી અત્યાર સુધી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઇફ દ્વારા ૨૭૭ કિડની, ૧૧૨ લીવર, ૬ પેન્ક્રીઆસ, ૧૮ હ્રદય અને ૨૨૬ ચક્ષુઓના દાન મેળવીને ૬૩૨ વ્યક્તિઓને નવું જીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.

# ડિંડોલીના આધેડ બ્રેનડેડ થતાં પરિવારે અંગોનું દાન કર્યું

## ત્રણ વ્યક્તિઓને નવજીવન મળ્યું

સુરત | ડિંડોલી મહાદેવ નગર ખાતે રહેતા સદાશિવભાઈ રાજારામ ભોઈ(45)રામીપાર્ક શાકભાજી માર્કેટ પાસે શાકભાજી અને દાણાચણાની લારી ચલાવતા હતા ગઈ તા. ૨૯ ઓગસ્ટના રોજ રાત્રે શાકમાર્કેટ નજીક છોકરાઓ વચ્ચે પથ્થરબાજી થતા એક પથ્થર સદાશિવભાઈને મોઢાના ભાગે વાગ્યો હતો અને તેઓ પડી જતા તેમને માથામાં પણ ઈજાઓ થઇ હતી અને તેઓ બેભાન થઇ ગયા હતા. નવી સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં બુધવારે તેમને બ્રેનડેડ જાહેર કરાયા હતા. નવી સિવિલ હોસ્પીટલના તબીબે ડોનેટ લાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાલાને બ્રેનડેડ અંગેની માહિતી આપી હતી. દાનમાં મેળવવામાં આવેલી કિડની પૈકી એક કિડની નડિયાદની અલ્કા પ્રદીપકુમાર શાહ ઉ.વ. ૫૫ અને બીજી કિડની અમદાવાદના જ્યા સુરેશભાઈ વાઘેલા ઉ. વ. ૩૪માં જયારે લિવરનું ટ્રાન્સપ્લાન્ટ અમદાવાદના સંદીપ જયંતીભાઈ પટેલ ઉ.વ ૩૪માં કરવામાં આવ્યું છે. બીજી તરફ ડિંડોલી પોલીસે પથ્થરબાજી કરનારા યુવકો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# DONATE LIFE

## CADAVER ORGAN DONATION FIGURES

**Date: january 2006 to 30th August 2018**

**273**
**KIDNEYS**
**112**
**LIVERS**
**6**
**PANCREAS**
**18**
**HEARTS**
**226**
**CORNEA**

DONATE LIFE™
an initiative for organ donation

**Which has given new lease of life &
vision to 632 persons across the country & globe**